PAVAN EXPRESS WEEKLY R.N.I. NO. : GUJGUJ/2021/82864
પવનવેગે પ્રસરતા સમાચાર
પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515 Email : pavanexpress2021@gmail.com સાપ્તાહિક

વર્ષ : ૦૪ ♦ અંક : ૨૩ ♦ તા.૨૭-૦૮-૨૦૨૪ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦

VOLUME : 04 ♦ ISSUE : 23♦ DATE: 27 -08-2024 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR

### આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં

## અંબાજી ખાતે શ્રી ભાદરવી પુનમિયા સેવા સંઘ ટ્રસ્ટની વાર્ષિક જનરલ સભા યોજાઈ

**શ્રદ્ધાળુઓને શ્રેષ્ઠ સુવિધાઓ આપવા માટે સરકાર કટિબદ્ધ : કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**

**સ્વચ્છતાને સ્વભાવ બનાવી મેળા દરમિયાન સ્વચ્છતા જાળવવા સૌને અપીલ કરતા મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ**





(માહિતી બ્યુરો,પાલનપુર)

વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને શકિતપીઠ અંબાજી ખાતે આગામી ૧૨ થી ૧૮ સેપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમ મહામેળો યોજાઈ રહ્યો છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ, જિલ્લા વહીટીતંત્ર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પગપાળા યાત્રિકો માટે દર્શન, રહેવા જમવા સાથે પાંર્કિંગ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે. મેળામાં યાત્રિકોની તમામ પ્રકારની સેવાઓ અને સગવડો સુનિશ્ચિત કરવાના ભાગરૂપે આજરોજ અંબાજી ખાતે આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની અધ્યક્ષતામાં શ્રી ભાદરવી પુનમિયા સેવા સંઘ ટ્રસ્ટની વાર્ષિક જનરલ સભા યોજાઈ હતી. જેમાં ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ પટેલ સહિતના હોદેદારો અને કાર્યકરો દ્વારા મહાનુભાવોનું સન્માન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કેબિનેટ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે શકિત અને ભક્તિનો આ આ પર્વ નિર્વિઘ્ને સુખરૂપ સંપન્ન થાય એ માટે મા જગદંબા ને પ્રાર્થના કરી હતી. તેમજ વહિવટીતંત્ર સાથે રહી શ્રદ્ધા, સુવિધા અને સંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમો ભાદરવી પૂનમનો મેળો રંગેચંગે ઉજવાય એ માટે સૌનો સાથ સહકાર માગ્યો હતો. હાલની ધર્મપ્રેમી સરકારમાં યાત્રાધામ અને દેવસ્થાનોનો સુંદર વિકાસ થઈ રહ્યો છે. યાત્રાધામ અંબાજી ના વિકાસ માટે રાજ્ય સરકારે ૧૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. લોકોની આસ્થા અને શ્રદ્ધા ને અનુરૂપ શ્રેષ્ઠ સુવિધાઓ મળી રહે એવી વ્યવસ્થાઓ કરવા માટે સરકાર કટિબદ્ધ છે. અંબાજી મેળાને પગલે હાલમાં વહીવટીતંત્ર દ્વારા પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. લાખો લોકોને સુવિધાઓ પુરી પાડવાની હોય ત્યારે નાના મોટા સંઘર્ષોને ભૂલી જય અંબે કહી સાથ સહકાર આપવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. વિશ્વના સૌથી મોટા મેળામાં સ્વચ્છતા જાળવવી આપણી ફરજ છે ત્યારે સ્વચ્છતાને સ્વભાવ બનાવી મેળા દરમિયાન સ્વચ્છતા જાળવવા સૌને અપીલ કરી હતી.મહેસાણાના સાંસદ શ્રી હરિભાઈ પટેલે સેવા સંઘોને સ્વયંમ સ્વચ્છતા જાળવવા અનુરોધ કરતાં સંઘના વાહનો સાથે કચરાના નિકાલની વ્યવસ્થા ગોઠવવાનું સૂચન કર્યું હતું જેને સંઘના પ્રતિનિધિઓએ આવકાર્યું હતું. જિલ્લા કલેકટર શ્રી મિહિર પટેલે મેળા દરમિયાન યાત્રિકોની તમામ સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે બનાવેલી ત્રીસ જેટલી સમિતિઓ વિશે જણાવ્યું હતું. જ્યારે જિલ્લા પોલીસ વડા એ સલામતી, સુરક્ષા માટે પોલીસ વિભાગની સજજતા અને કાયદો વ્યવસ્થા બાબતે માહિતી આપી પોલીસને સાથ સહકાર આપવા માટે અપીલ કરી હતી. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર શ્રી કૌશિકભાઈ મોદી દ્વારા મેળા ના સંપૂર્ણ આયોજન અને વ્યવસ્થાઓ અંગેનું પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે એડવાન્સ વાહન પાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંઘના હોદેદારો દ્વારા પ્રતિનિધિઓને મેળા દરમિયાન રોડ પર વાહન ન લઈ જવા માટેની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ પ્રસંગે પાટણના સાંસદ શ્રી ભરતસિંહ ડાભી, દાંતા પ્રાંત અધિકારી શ્રી સિદ્ધિ વર્મા, સેવા સંઘના કન્વિનર શ્રી યોગેશભાઈ, જનકભાઈ , ભોગીભાઈ સહિત વિવિધ જિલ્લા અને ઝોનના સંઘોના પ્રતિનિધિઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડગામના રૂપાલ ખાતે શિતળા સાતમનો ભવ્ય લોકમેળો યોજાયો

પવન એક્સપ્રેસ
ભીખાલાલ પ્રજાપતિ

વડગામના ધાન્ધાર વિસ્તાર માં તારીખ ૨૫ ઓગસ્ટના, રવિવારે શીતળા સાતમ ની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી શીતળા સાતમ ના પવિત્ર દિવસે દૂધ, ગોળ, ફળફળાદી, સુખડી,મોતીચુર, પેંડા ચોખા વગેરેનો ભોગ ધરાવવામાં આવ્યો હતો. વર્ષો



ની પરંપરા મુજબ ગુજરાતમાં આ તેહવાર જન્માષ્ટમીના એક દિવસ પહેલા ઉજવાય છે. જેને શીતળા સાતમ કહેવાય છે. આ દિવસે શીતળા માતાની પૂજા કરી બહેનો વ્રત કથા શ્રવણ કરે છે. સાતમ પર્વ નિમિત્તે રાંધણ છઠ્ઠ ના દિવસે તૈયાર કરેલ ઠંડું ભોજન પ્રસાદી તરીકે પીરસવામાં આવે છે. દરમિયાન વડગામ તાલુકાના રૂપાલ ગામે આવેલ શિતળા માતાજી મંદિર ખાતે સાતમે લોક મેળો યોજાયો હતો જેમાં હજારો શ્રદ્ધાળુઓ એ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મંદિર ટ્રસ્ટ, ગ્રામ પંચાયત તથા ગ્રામજનો દ્વારા મેળામાં આવનાર તમામ યાત્રિકો માટે પ્રાથમિક સુવિધાઓની સુંદર સગવડો ઉપલબ્ધ કરી હતી.






## તંત્રી સ્થાનેથી....

# બાંગ્લાદેશ સરકારે શેખ હસીનાનો પાસપોર્ટ રદ કર્યો

બાંગ્લાદેશ,

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાની મુસીબતોમાં વધારો થતો જઇ રહ્યો છે. ૫ ઓગસ્ટે પોતાનો જીવ બચાવવા માટે ઢાકાથી ભારત આવીને આશ્રય લેવો પડ્યો હતો. ભારત પહોંચતા પહેલા શેખ હસીનાએ વડાપ્રધાન પદ પણ છોડવું પડ્યું હતું. હવે બાંગ્લાદેશની વર્તમાન સરકારે પણ શેખ હસીનાના રાજદ્વારી પાસપોર્ટને રદ કરવાની જાહેરાત કરી છે. એટલે કે શેખ હસીના જે પાસપોર્ટ સાથે ભારત આવી હતી તે હવે માન્ય નથી. પાસપોર્ટ રદ થવાને કારણે શેખ હસીના પર હવે બાંગ્લાદેશ પરત ફરવાનું દબાણ રહેશે. નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશનો સત્તાવાર અથવા રાજદ્વારી પાસપોર્ટ ધરાવનાર વ્યક્તિને ૪૫ દિવસ સુધી વિઝા વિના ભારતમાં રહેવાની છૂટ છે. શેખ હસીનાને ભારતમાં રહેવામાં કદાચ કોઈ સમસ્યા ન આવે કારણ કે તેણે હાલમાં ભારતમાં આશરો લીધો છે, પરંતુ તે હવે અન્ય કોઈ દેશમાં જઈ શકશે નહીં. શેખ હસીના વિરુદ્ધ ૫૦થી વધુ કેસ નોંધાયેલા છે, જેમાં મોટાભાગે હત્યાના કેસ છે. સંયુક્ત રાષ્ટ્રની એક ટીમ પણ બાંગ્લાદેશ પહોંચી છે જે શેખ હસીનાના કાર્યકાફ દરમિયાન થયેલા માનવાધિકાર ઉલ્લંઘનના મામલાની તપાસ કરશે. યુએનની ટીમે પોતાની પ્રાથમિક તપાસમાં શેખ હસીના પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા છે. એવું માનવામાં આવે છે કે ટૂંક સમયમાં બાંગ્લાદેશ સરકાર ભારત પાસે શેખ હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી શકે છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૨૦૧૩થી પ્રત્યાર્પણ સંધિ છે. સમાચાર એજન્સીએ સંવાદદાતાએ ૧૬ ઓગસ્ટે વિદેશ મંત્રાલયના પ્રવક્તાને શેખ હસીનાના પ્રત્યાર્પણને લઈને પ્રશ્ન પૂછ્યો ત્યારે વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અત્યારે આ એક અનુમાનિત સ્થિતિ છે, એટલે કે બાંગ્લાદેશ દ્વારા હજુ સુધી કોઈ માંગણી કરવામાં આવી નથી.



બાંગ્લાદેશમાં સરકારી નોકરીઓમાં વિવાદાસ્પદ આરક્ષણ પ્રણાલીને લઈને તેમની સરકાર વિરુદ્ધ વિદ્યાર્થીઓ અને અન્ય લોકો દ્વારા ભારે વિરોધને પગલે ૭૬ વર્ષીય શેખ હસીનાએ ૫ ઓગસ્ટના રોજ રાજીનામું આપ્યું હતું અને ભારત આવી ગયા હતા. જુલાઈના મધ્યમાં હસીનાની આગેવાની હેઠફની અવામી લીગ સરકાર વિરુદ્ધ વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનોથી અત્યાર સુધીમાં ૬૦૦ થી વધુ લોકો માર્યા ગયા છે. શેખ હસીનાને હટાવ્યા બાદ મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાફાની સરકારની રચના કરવામાં આવી હતી. શેખ હસીના અને તેના સહયોગીઓ વિરુદ્ધ ઓછામાં ઓછી નવ વધુ ફરિયાદો દાખલ કરવામાં આવી હતી, જેનાથી તેમની સામે નોંધાયેલા કેસોની સંખ્યા ૩૦ થી વધુ થઈ ગઈ હતી. હસીના વિરુદ્ધ નોંધાયેલા કેસોમાં હત્યાના ૨૬ કેસ, માનવતા અને નરસંહારના ચાર કેસ અને અપહરણના એક કેસનો સમાવેશ થાય છે.

**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાન: જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "**પવન એક્સપ્રેસ**" સાપ્તાહિક

**તંત્રી: પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**


(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

હેડ ઓફીસ

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ
પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હૃદયે રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર

ગાંધીનગર,તા.૨૪



વિધાનસભા ગૃહ ખાતે જાહેર અગત્યની બાબત પર નિવેદન અને ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજની જાહેરાત કરતા કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના કેટલાક જિલ્લામાં જુલાઈ-૨૦૨૪ માસ દરમિયાન વરસેલા અનરાધાર વરસાદના પરિણામે ખેડૂતોના ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકશાન થયું છે. આવી વિકટ પરિસ્થિતિમાં જગતના તાતને આર્થિક નુકશાનીમાં સહાયરૂપ થવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મંજૂરીથી રાજ્ય સરકાર દ્વારા ઉદાર હૃદયે રૂ. ૩૫૦ કરોડની માતબર રકમનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું છે.

કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે. રાજ્યના ખેડૂતો પર આવેલી કુદરતી આપદાના સમયે ભારત અને ગુજરાત સરકાર હરહંમેશ ખેડૂતોની પડખે અડીખમ ઉભી છે. ખેડૂતોને વાવણીની શરૂઆતના તબક્કે નુકશાનીમાં સહાય મળે અને તેઓ ઝડપભેર ફરી વાવેતર કરી શકે તે માટે મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને તાત્કાલિક ધોરણે આ ખેડૂત હિતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે.

મંત્રી પટેલે રાહત પેકેજ અંગે વિસ્તૃત વિગતો આપતા જણાવ્યું હતું કે, જુલાઈ માસમાં જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, આણંદ, ભરૂચ, સુરત, નવસારી અને તાપી જિલ્લાના મળી કુલ ૪૫ તાલુકામાં અનરાધાર ભારે વરસાદ વરસતા આશરે ૪,૦૬,૮૯૨ હેક્ટર વિસ્તાર ભારે વરસાદથી અસરગ્રસ્ત થયો હતો. આ અસરગ્રસ્ત વિસ્તારમાં ૨૭૨ ટીમોની રચના કરી વિગતવાર સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જેના આધારે આશરે ૧.૫૦ લાખથી વધુ અસરગ્રસ્ત ખેડૂતોને સહાય આપવામાં આવશે.

ખેડૂતોને નિયમોનુસારની સહાય આપવા માટે નિયત કરાયેલા ધોરણો અંગે વાત કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, અસરગ્રસ્ત ખેડૂતોને જીડ્ઢઇહ્લ-સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડના ધારા-ધોરણો મુજબ પાક નુકશાની માટે સહાય આપવામાં આવશે. સાથે જ નુકશાનની તીવ્રતાને ધ્યાને રાખીને રાજ્ય ભંડોળમાંથી/રાજ્ય બજેટ હેઠળ વધારાની ટોપ અપ સહાય અપાશે.

મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, નવસારી જિલ્લાના ગણદેવી તાલુકામાં ૨ જુલાઇ, ૨૦૨૪ના રોજ વંટોળ સાથે વરસેલા ભારે વરસાદને કારણે ચીકુ અને આંબા જેવા બાગાયતી પાકોના ઝાડ પડી જવા, ડાળીઓ તૂટી જવા તેમજ કેળ પાક પડી જવાથી વ્યાપક નુકસાન થવાના અહેવાલો પણ મળ્યા છે. આવા અસરગ્રસ્ત ખેડૂતોને આર્થિક નુકશાન ન થાય તે માટે નોંધપાત્ર સહાયની જાહેરાત કરવામાં આવી છે.

આ ઉપરાંત જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે નિયત ધોરણો મુજબ જો સહાય ચૂકવવા પાત્ર રકમ રૂ. ૩,૫૦૦ કરતાં ઓછી થતી હોય, તો તેવા કિસ્સામાં ખાતાદીઠ ઓછામાં ઓછા રૂ. ૩૫૦૦ ચૂકવવામાં આવશે. જેમાં જીડ્ઢઇહ્લ ઉપરાંતની તફાવતની રકમ રાજ્ય બજેટમાંથી ચૂકવવામાં આવશે, તેમ કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું.

ધરતીપુત્રો માટે ઉદાર હૃદયે રાજ્યની તિજોરી ખુલ્લી રાખવા બદલ કૃષિ મંત્રીશ્રીએ વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતના ખેડૂતો વતી મુખ્યમંત્રી તેમજ નાણાં મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, નુકશાન પેટે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર સહાયથી ખેડૂતોને પાક નુકશાનીમાં ચોક્કસપણે રાહત મળશે.

અત્રે નોંધનીય છે કે, ખેડૂતોને સહાય આપવા અંગે સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અસરગ્રસ્ત ગામોની યાદી જાહેર કરવામાં આવશે.

# રાંદેર પોલીસે ખુબજ ખર્ચાળ બીમારીના ઈલાજ માટે ગરીબ પરિવારને મદદ કરી

સુરત,તા.૨૩

ખાખી રંગની વર્દીમાં માનવતાનો રંગ ભળે ત્યારે સમાજના જરૂરિયાતમંદ વર્ગને સુખદ અનુભવ થતો હોય છે. સુરતના રાંદેર પોલીસનું ફરી એકવાર માનવતાવાદી રૂપ જોવા મળ્યું છે. રાંદેર વિસ્તારમાં રહેતા મુસ્લિમ પરિવારના જન્મજાત માનસિક દિવ્યાંગતા સાથેના સેરેબ્રલ પાલ્સી અને ડેવલપર ડિલેની બિમારીથી પિડીત આઠ વર્ષના દીકરાની સારવાર કરવી ખૂબ જ ખર્ચાળ હતી. છુટક મજૂરીકામ કરતા ઘરના મોભીને સારવારનો ખર્ચ પરવડી શકે તેમ ન હતો. એવા સમયે બાળક માટે રાંદેર પોલીસ દેવદૂત બનીને આવી અને બિમારીનો ત્રણથી ચાર લાખનો ખર્ચ રાંદેર પોલીસે પોતાના શિરે લઈ મુસ્લિમ પરિવારને આર્થિક કરજમાં જતા ઉગાર્યા છે. આ બિમારીમાં વ્યક્તિના સ્નાયુ તથા જીભ તેમજ શરીરના અન્ય અવયવો યોગ્ય હલન-ચલન કરી શકતા નથી. પરિવારે બાળકની સારવાર માટે પેટે પાટા બાંધીને સારવાર કરી તેમ છતા અંતે નિરાશા જ હાથ લાગી. પરિવારના મોભી કાપડ માર્કેટમાં છુટક દલાલીનું




કામ કરી ઘર ગુજરાન ચલાવે છે. આવકની મોટા ભાગની રકમ દીકરાની સારવારમાં ખર્ચાઈ જતી હતી. ત્યારે પરિવાર માટે દરેક નવી સવાર સારવારના પૈસા ક્યાંથી લાવવા તેની ચિંતા લઈને આવતી હતી. આ સ્વભિમાની પરિવાર પોતાની રીતે સંઘર્ષ કરી રહ્યો હતો. જેમાં બાળકની દરરોજ ફિઝીયોથેરાપી, ઓક્યુપેશન થેરાપી તેમજ સેન્સનરી ઈન્ટીગ્રેશન થેરાપી જેવી સારવારના સેશન કરાવવા પડે છે. અને એક સેશન એક મહિનો ચાલે જેનો રૂ.૧૧,૦૦૦/- ચાર્જ અને બેથી ત્રણ વર્ષ સુધી સારવાર શરૂ રહે છે. જેમાં કુલ ત્રણથી ચાર લાખ રૂપિયા જેટલો ખર્ચ થાય તેમ હતો જે આ પરિવારને પરવડે તેમ ન હતો. રાંદેર પોલીસની સેવાભાવના વિષે અવારનવાર સાંભળ્યું હોવાથી અંતે પરિવાર રાંદેર પોલીસ સ્ટેશને મદદની આશાએ પહોંચ્યું હતું. પોતાના સંઘર્ષભર્યા જીવનમાં ગમે તેવી નાસ્તિક વ્યક્તિને પણ ઈશ્વર યાદ આવતો હોય છે. ત્યારે પરિવારને દીકરાની સારવાર માટે તબીબની સાથે પોલીસ પણ મદદ કરશે તેવા વિશ્વાસ સાથે રાંદેર પોલીસ સ્ટાફને મળ્યા હતા.આ બાળક જન્મ સમયે મોડો રડ્યો હતો, અને સુગર પણ લો થયું હતું. બાળકના જન્મ સમયે એનઆઈસીયુમાં દાખલ કર્યું હતું. આ કારણોથી બાળકના મગજના વિકાસમાં વિલંબ થાય છે. એટલે સામાન્ય બાળક કરતા આ બાળક ચાલતા અને બોલતા મોડું શીખે તેમજ માનસિક દિવ્યાંગતા સાથેના આ રોગને મેડિકલી ભાષામાં સેરેબ્રલ પાલ્સી કહે છે. તે સામાન્ય રીતે બાલ્યાવસ્થામાં વિકસતા મગજને નુકસાન થવાથી થાય છે. આ બિમારીની સારવારમાં દવા કે ઓપરેશન હોતા નથી, પરંતુ ફિઝીયોથેરાપી, ઓક્યુપેશન થેરાપી અને સમય જતા સ્પીચ થેરાપી, સ્પેશિયલ એજ્યુકેશન થેરાપી થાય છે. આ બાળકની છેલ્લા ઘણા સમયથી ફિઝીયોથેરાપી ચાલતી હતી. જે ખૂબ જ ખર્ચાળ હોય છે.

# પાલનપુરમાં અઢી ઇંચ વરસાદ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા જાહેર રસ્તા ઉપર ગાબડા



પાલનપુર ગરમીના ઉકળા બાદ ધોધમાર વરસાદ શરૂ થતા ઠંડક કરી હતીઆ અઢી જ વરસાદ બાદ શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો ત્યારે કેટલીક જગ્યાએ રસ્તા ધોવાતા નાના મોટા ખાડા પડી જતા રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો

પાલનપુર નગરપાલિકા એ બનાવેલા અનેક રસ્તાઓ આ ધોધમાર વરસાદથી કેટલા રસ્તાઓ તુટીને ભંગાર થઈ ગયા હતા જમા આ વરસાદને લઈને હાઈવે વિસ્તાર ધનિયાણા ચોકડી કીર્તિ સ્તંભ જુના બસ સ્ટેશન પાસે તેમ જ નીચાણ વાળીહાઈવે સોસાયટીઓમાં પાણી ભરાઈ ગયા હતા જ્યારે પાલનપુર પંથકના વડગામમાં પણ વરસાદ અઢી ઈંચ જેટલો પડ્યો હતો જેને લઈને ધરતી પુત્રોમાં ખુશીની લહેર જોવા મળી હતી

# બનાસકાંઠા અને અડીને આવેલા સુંધા પર્વત ભારે વરસાદને લઈને મંદિર નજીક પાંચ તણાયા એક મહિલાનું મોત



બનાસકાંઠા આવેલા રાજસ્થાનના સુંધા માતા મંદિર આસપાસ ભારે વરસાદને લઈને પર્વતીય વિસ્તારોનોવિકરાળ ધોધ વહેતો થયો હતો જેને લઈને દર્શન કરવા આવેલા પાંચ પ્રવાસીઓ ધમધમતા પ્રવાહમાં તણાયા હતા જેમાં એક આદિવાસી મહિલાના ડૂબી જતા મોત થયું હતું આ જાણ પોલીસને ધ્યાનમાં આવતા સમગ્ર અધિકારીઓની ટીમ ઘટના સ્થળો દોડી આવી હતી અન્ય લોકોની મોડે સુધી શોધખોળ ચાલુ રાખી હતીરાજસ્થાનના સુંધા માતાના દરબારમાં ગુજરાત સહિત અન્ય લોકો દર્શન આવતા હોય છે

જયારે ત્યાંના સ્થાનિક દુકાનદારોએ જણાવ્યું ડુંગરપુરના એક આદિવાસી પરિવારના કેટલાક સભ્યઆ પરિવાર રામદેવડા ના દર્શન કરી માં સુંધા માતા દર્શન કરવા સવારમાં સીડી ચડી રહ્યા હતા તે દરમિયાન અચાનક પર્વતી વિસ્તારોમાં ભારે વરસાદને લઈને અચાનક વરસાદી પાણીનો પ્રવાહ શરૂ થઈ જતા આ આદિવાસી પરિવારના તમામ સભ્ય તણાયા હતા જેમાં સ્થાનિક લોકોએ આ લોકોને બચાવવા માટે દોડધામ કરી હતી જેમાં એક યુવાનને બચાવી લીધો હતો ત્યારે અન્ય લોકો આ પ્રવાહમાં તણાયા હતા. આ મામલે આ વિસ્તારમાં વરસાદી પાણીનો પ્રવાહ વિકરાળ સ્વરૂપ લીધું પ્રવાસીઓ એક આદિવાસી મહિલા તણાઈ જતા તેનુંમોત થયું હોવાનું જાણવા મળ્યું છે

જોકે જાલોર ના જિલ્લાકલેક્ટર પોલીસ અધિકારી ડીવાય એસ પી કી તેમજ પોલીસની અન્ય ટીમ સમાચાર મળતા ઘટના સ્થળ ઉપર દોડી ગયા હતા અન્ય તાણાયેલા લોકોને ફસાયેલા પાણીના કીચડ શોધ ખોળ મોડી સાંજ સુધી ચાલુ રાખી હતી આ તરફનો રસ્તો બંધ કરી દેવામાં આવ્યો હતો જોકે ધીરે ધીરે આ વરસાદી પાણીનો પ્રવાહ ઘટવા લાગ્યો હતો

# હારીજ તાલુકાના રૂગનાથપુરામાં સ્વ.હર્ષિત પ્રજાપતિને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ



થરા તા.૨૩ હારીજ તાલુકાના રૂગનાથપુરાના હાલ અમદાવાદ ખાતે રહેતા શ્રી આઠ પરગણા પ્રજાપતિ સમાજ ના પૂર્વપ્રમુખ ઈશ્વરભાઈ ડાયાભાઈ ખૂબ જ ધીરગંભીર અને બિન વિવાદસ્પદ આગેવાન જેમની નીતિ રીતિમાં એક જ મંત્ર કે સમાજનો વિકાસ કરવો આવા નેક દિલ ઈન્સાન ઉપર ભગવાને વજ્રઘાત કર્યો તેમના પરિવારમાં એક હસતું રમતું ફુલ ૧૮ વર્ષનો નવયુવાન એકના એક જવાન જોધ દીકરાને ભર યુવાનીમાં ભગવાને તા.૧૮/૦૮/૨૦૨૪ ને રવિવારના રોજ પોતાના દરબાર માં બોલાવી દીધો.આમ એકના એક દીકરા સ્વ. હર્ષિતની અણધારી વિદાયથી ઈશ્વરભાઈ પ્રજાપતિના પરિવાર ઉપર ન જીલી શકાય તેવો આઘાત ભગવાને જયારે આપ્યો છે. ત્યારે સ્વ.હર્ષિત પ્રજાપતિને તા. ૨૩/૦૮/૨૦૨૪ ને શુક્રવારના રોજ રૂગનાથપુરામાં શ્રી ઉત્તર ગુજરાત પ્રજાપતિ કેળવણી મંડળ પાટણના પ્રમુખ શાંતિલાલ પ્રજાપતિ,શ્રી બાર પરગણા ગુર્જર પ્રજાપતિ વિકાસ મંડળ પાટણના મંત્રી દશરથલાલ ગુર્જર,શ્રી ઉત્તર ગુજરાત ગુર્જર પ્રજાપતિ સમાજ (બારગોળ) સુરતના પ્રમુખ ભીમજીભાઈ પ્રજાપતિ,શ્રી ગુર્જર પ્રજાપતિ યુવક મંડળ બારગોળ કડીના પૂર્વપ્રમુખ કાંતિભાઈ પ્રજાપતિ,શ્રી આઠ પરગણા ગુર્જર પ્રજાપતિ કેળવણી મંડળ રાધનપુરના પ્રમુખ રસિકભાઈ એન પ્રજાપતિ,ગુમડા મસ્જિદ શાળાના આચાર્ય હરજીભાઈ પ્રજાપતિ સહીત સમાજના સગા સ્નેહજનો વિશાળ સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલી શ્રધાંજલિ અર્પણ કરી હતી. ઈશ્વરભાઈ પ્રજાપતિએ સ્વ.હર્ષિતના આત્માના સ્મારણાર્થે શ્રી ઉત્તર ગુજરાત પ્રજાપતિ કેળવણી મંડળ પાટણ છાત્રાલય અને શ્રી આઠ પરગણા પ્રજાપતિ કેળવણી મંડળ પ્રજાપતિ છાત્રાલય રાધનપુર આ બંને સંસ્થાઓને ૫૧૦૦/-, ૫૧૦૦/- રૂપિયાનું અનુદાન કર્યું હતું.આવા સમયે એમને આ સખાવત કરીને સમાજને ગુપ્તમ ઉદાહરણ પૂરૂ પાડ્યું છે.

# વડગામના શેભર ગોગ મહારાજ તિર્થ સ્થાને નાગ પંચમીનો લોકમેળો યોજાયો



લોકમાતા સરસ્વતી નદી તટે અરવલ્લી ની ગીરીકંદરાઓ વચ્ચે અતિ પ્રાચીન ઋષિઓની તપોભૂમિમાં આવેલ શ્રી શેભર ગોગ મહારાજ તિર્થ સ્થાને નાગ પંચમી નો લોકમેળો યોજાયો.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના શેભર મુકામે અંદાજે ત્રણ કિલોમીટર ઘેરાવામાં ચમત્કારી શ્રી શેષ નારાયણ ભગવાન શ્રી શેભર ગોગ મહારાજનું મંદિર આવેલ છે જેમાં વર્ષ દરમિયાન દેશ, વિદેશના હજારો યાત્રાળુઓ દર્શન નો લાભલે છે. જય સેંભર ગોગ મહારાજ સેવા ટ્રસ્ટ દ્વારા યાત્રાધામ સંકુલ નો નોંધપાત્ર વિકાસ થયો છે. સમગ્ર ગુજરાતમાં સવા લાખ સહસ્ત્ર નાગફણી વાળું શેભર ગોગ મહારાજ નું ભવ્ય મંદિર દેશ દુનિયા માં ખ્યાતિ ધરાવે છે. શનિવારે નાગપંચમી ના લોક મેળામાં પધારેલ યાત્રીકો પૈકી મંદિર ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી અંદાજે વીસ હજાર યાત્રીકોને ભોજન પ્રસાદી પીરસવા માં આવી હતી.

# પાલનપુર તાલુકાના ખેમાણા ગામે ૩૦૦૦ વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું



પવન એકસપ્રેસ

જાણવા મળતી માહિતી મુજબ પાલનપુર તાલુકા ના ખેમાણા ગામે આજરોજ ૩૦૦૦ વૃક્ષો નું રોપણ કરવામાં આવ્યું હતું જેમાં ગામના વીર મહારાજ મંદિર , સ્મશાન ગૃહ, રામદેવપીર મંદિર તથા અન્ય તમામ ધાર્મિક સ્થળો પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું આ કાર્યકમ માં ગામના સરપંચશ્રી નવલબેન ચૌધરી, માજી સરપંચ શ્રી ગલબાભાઈ કે.ચૌધરી, ડૉ. ઘેમરભાઈ ચૌધરી ( આદર્શ લેબોરેટરી), રામજીભાઈ એ.બોકા, નાનકદાસ સાધુ, કાનજીભાઈ વળગાંઠ ,સતિષભાઈ ,મંદિર નાં પૂજારી અને આજુબાજુ નાં ગામ થી આવેલ સરપંચશ્રી અને ગામના તમામ યુવાન મિત્રો એ વૃક્ષારોપણ કરી દરેક ને વૃક્ષો નું જતન કરવા માટે આહવાન કરવામાં આવ્યું હતું.



ગોંડલ જાણીતી સેવાકિય સંસ્થા માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી પર્વ નિમિત્તે અલગ અલગ ઝુપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકો મીઠાઈ તેમજ ફરસાણ વિતરણ કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં બાળકો એ લાભ લીધો હતો. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ટીમ બંટી ભુવા, કિશોરભાઈ ધડુક, નિરંજનગીરી ગૌસ્વામી, ચંદ્રેશભાઈ સોલંકી, વર્ષાબેન મોઢવાણિયા, મિતલબેન ત્રિવેદી, અંકિતાબેન પટેલ, જહેમત ઉઠાવી હતી તથા દાતાશ્રી ઓ તથા મેહુલભાઈ ખાખરીયા, અરવિંદભાઈ ચોવટીયા, વિશાલભાઈ અમરેલીયા, જીગ્નેશભાઈ, સંદિપભાઈ સાવલીયા, જયદીપભાઈ, નોંઘણવદરા તથા ટ્રસ્ટના ઉપક્રમે આયોજિત મીઠાઈ-ફરસાણ વિતરણ કાર્યને સેવાભાવિઓએ બિરદાવ્યું હતું. જ્યારે બાળકોએ પણ હર્ષની લાગણી અનુભવી હતી.ભીખાલાલ પ્રજાપતિ

# અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજનાલય ખાતે અત્યાધુનિક રોટલી તેમજ ભાખરી બનાવવાનું ઓટોમેટિક મશીન આવ્યું





અંબાજી તા.૨૬

અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજનાલય ખાતે અત્યાધુનિક રોટલી તેમજ ભાખરી બનાવવાનું ઓટોમેટિક મશીન આવ્યું ,છે અને એક કલાક માં આ મશીન દ્વારા ૨૫૦૦ થી ૩૦૦૦ રોટલી બનીને તૈયાર થાય છેશક્તિપીઠ અંબાજીમાં અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ સંચાલિત ભોજનાલયમાં તમામ યાત્રિકો માટે બને ટાઈમની નિઃશુલ્ક વ્યવસ્થા કરી છે જેને મોટી સંખ્યામાં શ્રધાળુઓ લાભ લઈ રહ્યા છેને ભરપેટ ભોજન પ્રસાદ સ્વરૂપે આરોગી રહ્યા છે ત્યારે યાત્રિકોનો ઘસારો પણ મોટી સંખ્યામાં વધ્યો છેને આગામી થોડાક સમયમાં ભાદરવીપૂનમનો મહામેળો યોજાનાર છે ને મેળામાં આવતા લાખો શ્રધાળુઓને નિઃશુલ્ક ભોજન પીરસવામાં આવસે આવ્યવસ્થાને પહોચી વડવા મંદિર ટ્રસ્ટ દ્વારા ભોજનાલય ખાતે અત્યાધુનિક રોટલી તેમજ ભાખરી બનાવવાનું ઓટોમેટિક મશીન લાવવામાં આવ્યું છે જેને આજથી શરૂ કરવામાં આવ્યો છેને એક કલાક માં આમશીન દ્વારા ૨૫૦૦ થી ૩૦૦૦ રોટલી બનીને તૈયાર થાય છે સાથે લોટ બાંધવાનું પણ મશીન મંદીર ટ્રસ્ટ દ્વારા વસાવી લેવાયું છે જેમંદિર ટ્રસ્ટ દ્વારા ૧૫ લાખ ને શ્રધાળુઓ ના ડોનેશનમાં ૩૫ લાખ આમ કુલ ૫૦ લાખની ભોજનાલય માટે ઓટોમેટિક મશીન લાવવામાં આવ્યા છજેયાત્રિકો ની સુવિધાને પહોચી વળવા ખૂબજ ઉપયોગી બનશે.તેમ કૌશિક મોદી (અધિક કલેકટર,વહીવટદાર અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ) અંબાજીએ જણાવ્યુ હતુ

# કમલા ગ્રામ વન ખીમત : શ્રી પહાડનાથ બાપુની જીવંત સમાધિ સ્થળે ૧૦૦૦ વૃક્ષોનું વાવેતર





ધાનેરા તા.૨૬ એજ્યુફન ફાઉન્ડેશન દ્વારા મિશન ગ્રીન બનાસકાંઠા અંતર્ગત ખીમત ગામે શ્રી પહાડનાથ બાપુની સમાધિ સ્થળ પર "કમલા ગ્રામ વન"ની સ્થાપના કરવામાં આવી છે. આ વનમાં ૧૦૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે, જેનો ઉછેર સુભદ્રાબેન પ્રવીણભાઈ આકરાણીના આર્થિક સહયોગથી કરવામાં આવશે.શાળાના બાળકો અને ગ્રામજનોએ 'ગ્રીન કમાંડોના' સંકલ્પ લઈને પ્રકૃતિના સંવર્ધન અને સંરક્ષણની જવાબદારી લીધી છે. મંત્રોચાર સાથે ૩૭ પ્રકારના દેશીકુળના ઔષધિય, ફળાઉ અને છાંયડાવાળા વૃક્ષો વાવવામાં આવ્યા છે, અને ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા પાણીની વ્યવસ્થા કરવામાં આવી છે.આ પ્રસંગે વિશિષ્ટ મહેમાનોમાં નિલેશ રાજગોર (પીપળમેન), આર્યાવર્ત નિર્માણના પ્રમુખ, ધ્યમ ગુજરાતના પ્રતિનિધિ, ધાનેરાના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી અલ્પેશકુમાર ટી. પટેલ, હિરાલાલ વસ્તીમલજી શાહ ધાનેરા, ગૌભક્ત ત્ર્યંબક શાસ્ત્રીજી અને ખીમત ગામના ગ્રામજનો તથા શાળાના બાળકો હાજર રહ્યા.સંસ્થાના પ્રમુખ પારસભાઈએ પ્રકૃતિના સંરક્ષણમાં યોગદાન આપનારી શાળાઓને 'પ્રકૃતિ વંદના શાળા' તરીકે સન્માનિત કરીને, ૫૦થી વધુ વૃક્ષો ઉછેરનારા વ્યક્તિઓને નિઃશુલ્ક રોપા આપવાની જાહેરાત કરી.

# સેભરગોગ ના મેળામાં વિખુટા પડેલા નાના બાળકને શોધી વાલી વારસને સોંપતી વડગામ પોલીસ



પવન એકસપ્રેસ

ભીખાલાલ પ્રજાપતિ

શ્રી ચિરાગ કોરડીયા બોર્ડર રેન્જ ભુજ તેમજ બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીરાજ નાઓએ વિખુટા પડેલા બાળકોને શોધી વાલી વારસ ને સોંપવા તેમજ આ પ્રકારના બનાવો પ્રત્યે સંવેદના રાખી કામને પ્રાધાન્ય આપવા સૂચના કરેલ હોય જે સૂચના આધારે અવાર નવાર ના.પો.ધિ શ્રી ગામીત ના માર્ગદર્શન હેઠળ ગુમ બાળકોને શોધી કાઢવા વડગામ પોલીસ પ્રયત્નશીલ હોય છે

આ બનાવવાની હકીકત એવી છે કે શનિવારે વડગામ પોલીસ શેરપુરા ગામે સેભર ગોગ મહારાજના મેળા બંદોબસ્તમાં હતા દરમિયાન આ કામે જાહેરાત આપનાર વાલી કમુબેન ઠાકોર એનવી રહેવર પી.એસ.આઇ વડગામ પાસે આવી જણાવેલ કે મારો દીકરો આયુષ ઉંમર વર્ષ-૩ નો આ મેળામાં મારાથી ક્યાંક વિખુટો પડેલ છે જેથી વિષયની ગંભીરતા સમજી તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી હ્યુમન સોર્સ અને ટેકનીકલ એનાલિસિસ આધારે દીકરા આયુષની શોધ ખોળ હાથ ધરેલી અને બે ત્રણ કલાકની જહેમત બાદ આટલા મોટા મેળામાંથી આટલી બધી લોકોની ભીડમાંથી આ બાળકને શોધી કાઢી તેના વાલી વારસાને સોંપી સંવેદનશીલ કામગીરી કરેલ છે .

# કાંકરેજ તાલુકાના રતનપુર ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો

## ભાવિ પેઢીને ઝેરમુકત અનાજ આપવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કરતા શ્રી કીર્તિસિંહ વાઘેલા



જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે એ માટે આત્મા પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં વિવિધ સ્થળોએ ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન કરી ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યા છે. જેના ભાગરૂપે સંગઠનના પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલાની અધ્યક્ષતામાં કાંકરેજ તાલુકાના રતનપુર ખાતે પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં મહિલાઓ સહિત ૧૭૫ જેટલા ખેડૂતોએ ભાગ લીધો હતો અને પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. સંગઠનના પ્રમુખશ્રી કીર્તિસિંહ વાઘેલાએ પ્રાકૃતિક ખેતીને સમયની જરૂરિયાત ગણાવી ભાવિ પેઢીને ઝેરમુકત અનાજ આપવા માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા અનુરોધ કર્યો હતો. ખેડૂતોએ આગામી ખરીફ સિઝનમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અપનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.તાલીમ કાર્યક્રમોનું નેતૃત્વ જિલ્લા પ્રોજેક્ટ ડાયરેક્ટર કનુભા વાઘેલા, જિલ્લા સંયોજકશ્રી દિલીપ બારોટ, તાલુકા સંયોજકશ્રી રામજીભાઈ પટેલ, પેથાભાઈ પીલીયાતર અને મદદનીશ ટેકનોલોજી મેનેજરશ્રી બી.વી.જોષી સહિતના નિષ્ણાતોએ કર્યું હતું. આ કાર્યક્રમોમાં મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ખેડૂતોએ હાજરી આપી હતી. જેમણે ઓર્ગેનિક ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે ઉત્સાહ દર્શાવ્યો હતો.

# બનાસકાંઠા માં કોમન સર્વિસ સેન્ટર ના સંચાલકો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું



પવન એકસપ્રેસ

બનાસકાંઠા ના કોમન સર્વિસ સેન્ટર ના સંચાલકો દ્વારા એક પેડ મા કે નામ અભિયાન અંતરંગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું કોમન સર્વિસ સેન્ટર ના જિલ્લા મેનેજર વિનોદ રણાવાસિયા અને સંજય પ્રજાપતિ એ એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત સી એસ સી કેન્દ્રો, ઘર, ખેતરમાં પેડ લગાવવા માટે ૩ દિવસ નું વિશેષ અભિયાન ચલાવવામાં આવ્યું હતું આ અભિયાન દ્વારા લોકો ને ઝાડ વાવવા અને તેની દેખરેખ રાખવા માટે ખાસ અપીલ કરવામાં આવી હતી

OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 04 ISSUE :23